શ્રી દક્ષિણ ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એક્કમનું મુખપત્ર

જાન્યુઆરી – માર્ચ, ૨૦૧૪ અંક - ૪૯



Chheda foods

The Specialty Gourmet Food Store

DRY FRUITS | CONFECTIONARY | GIFT BOXES | JUICES & SQUASHES | SPICES | DAL & PULSES | RICE & WHEATS | BAKERY PRODUCTS | SAVOURIES | TEA | MOUTH FRESHNERS | DRY FRUIT GIFT HAMPER | CHOCOLATE GIFT HAMPER | DRY FRUIT GIFT BOX | SPICES GIFT BOX

" WE CHASE THE QUALITY & QUANTITY CHASES US"

Quality Food Healthy Life

For Franchise Enquiry & Other Enquiry
Contact Ph: 9790708433 Email: admin@chhedafoods.com
Website: www.chhedafoods.com

KEEP MOVING HAPPILY

Leo™

Packers and Movers India (P) Ltd.™

India's No.1 Home Relocations Company



Relocating Homes Since - 1979
A Crisil Rated Company - Countrywide service - Container trucks
Mobile : 8008444660, 8008444652, 9849013531
Tel : 23771238, 23772796, 27848085, Toll Free No. : 1800 - 425 - 4858
Email : Leo_hyd@satyam.net.in
Website : www.leopackersindia.com

**VAVAD    વાવડ**

**Jan-Mar, 2014**

**Issue 49**


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રમુખશ્રીનો સંદેશ | 2 |
| ૨. | તંત્રી સ્થાનેથી | 2 |
| ૩. | વાવડ દિપોત્સવી વિશેષાંક | 3 |
| ૪. | The Gujarati Story of Valentine's Day | 3 |
| ૫. | ઘટકના વાવડ | 4 |
| ૬. | એક્કમના નેજા હેઠળ આગામી કાર્યક્રમ | 6 |
| ૭. | જીવન ચક્ર | 7 |
| ૮. | મહિલા MUNCH | 8 |
| ૯. | પ્રેરક પ્રસંગ | 9 |
| ૧૦. | Photo Gallery — PANACHE — 2013 | 12 |
| ૧૧. | કાવ્ય સરિતા | 16 |
| ૧૨. | દર્પણનું પ્રતિબિંબ | 18 |
| ૧૩. | અનોખું આભુષણ | 18 |
| ૧૪. | EDITOR'S MESSAGE | 19 |
| ૧૫. | RHYTHM DOWNPOUR | 20 |
| ૧૬. | DESIGN COVER PAGE CONTEST & VIEWPOINT CONTEST | 20 |
| ૧૭. | POINTERS FOR GROWING FINANCIALLY S T R O N G | 23 |
| ૧૮. | હેલન કેલરનાં માતા | 24 |


## શ્રી દ.ભા.ક.વી.ઓ. જૈન એક્કમના હોદ્દેદારો

| નં | નામ | હોદ્દો | ઘટક | મોબઈલ નં |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ચુનીલાલ જીવરાજ ગાલા | પ્રમુખ | બેંગલોર | 9341231959 |
| ૨. | શ્રી ચીમનલાલ લાલજી ગાલા | ઉપ- પ્રમુખ | આંધ્ર પ્રદેશ | 9441184718 |
| ૩. | શ્રી વિશનજી વીરજી ગંગર | ઉપ- પ્રમુખ | ચેન્નાઈ | 9380555999 |
| ૪. | શ્રી ધીરેન્દ્ર કાનજી ગંગર | ઉપ- પ્રમુખ | મદુરાઈ | 9366102838 |
| ૫. | શ્રી પંકજ વીરજી ગાલા | ઉપ- પ્રમુખ | યુ.કે.જી. | 9448137039 |
| ૬. | શ્રી ધીરજ કાનજી નાગડા | મંત્રી | બેંગલોર | 9845204260 |
| ૭. | શ્રી રશ્મીકાંત લખમશી વિછીવોરા | ખજાનચી | બેંગલોર | 9844056842 |

## વાવડના તંત્રીઓ

શ્રીમતી પ્રતિભા રસેશ સાવલા - 9900180922    શ્રીમતી ભાવના મનોજ વિછીવોરા - 9448460056

**VAVAD IS ALSO AVAILABLE ON ASANJOKUTCH.COM**

# પ્રમુખશ્રીનો સંદેશ



સ્નેહી દંપતિ મિત્રો,

દીવાળીમાં પ્રગટાવેલ દીવડાઓના દિવ્ય કિરણોથી પ્રકાશિત આ નુતન સંવત વર્ષ તમોને તમામ પ્રકારની સુખ-શાંતી અને બાહ્ય પ્રગતિ પ્રદાન કરી આત્મકલ્યાણ કરનારૂં બનો એવી સર્વે સભ્યોને નવા વર્ષની હાર્દિક શુભેચ્છા.

દીવાળી આવે એટલે ઘરની સાફસફાઈ થાય. ધૂળને ખંખેરવામાં આવે. ઉજવણી માટે અન્ય ખરીદી થાય ને નવા વર્ષના આગમનની ઉત્સાહથી વધામણી થાય. કેલેન્ડર બદલાય, તારીખો બદલાય, કપડાં પણ બદલાય પણ જો સ્વભાવ નહી બદલાય તો વર્ષ કેમ સુધરશે? મન એક સારૂં દર્પણ છે. એના પર ધુળ ન લાગે તેને માટે આપણે સતત પ્રયત્નશીલ રહેવું જરૂરી છે. જીવન બહુ સુંદર છે. એને વધુ સુંદર બનાવો. મન એવું રાખો કે કોઈને દુ:ખ ન પહોંચે. સંબંધો એવા રાખો કે જેનો કોઈ અંત ના હોય. જીવનમાં સારા માણસોની તલાસ ના કરો પરંતુ તમેજ સારા વ્યક્તિ બની જાવ કેમકે તમને મળીને બીજા કોઈની તલાશ પુરી થાય. જગતમાં બે છોડ એવા છે કે કદી કરમાતા નથી અને એક વખત કરમાય પછી લાખ કોશીશ કરો તોય ફરી ખીલતા નથી : એક છે પ્રેમ અને બીજો છે વિશ્વાસ. જીવનમાં પ્રેમ, વિશ્વાસ, સબંધોને ટકાવવા તથા સ્વભાવને નિભાવવા અત્યંત કાળજી રાખવી પડે છે.પરિસ્થિતિ પ્રમાણે બદલવામાં જ સમજદારી છે. ખુશ રહેવું અને બીજાને રાખવું એ તો આપણી જવાબદારી છે. અરે! ચઢાવ ઉતરાવ તો આવ્યા કરે જિંદગીમાં, પોતાની સાથે જીવવામાં આજ તો વફાદારી છે.

એક્કમની વેબ સાઈટ નું કાર્ય ધીમી ગતિથી આગળ ચાલી રહ્યું છે. જે ઘટકોએ હજી સુધી મંગાવેલ માહિતી ન મોકલાવી હોય તો સત્વરે મોકલવા વિનંતી જેથી વેબ સાઈટનું કાર્ય આગળ વધે. વાવડના પ્રકાશનમાં સર્વે સભ્યોનો સાથ અને સહકાર હોવો જરૂરી છે. મુખપૃષ્ઠ માટે ડ્રોઈંગ તથા વ્યુ પોઈન્ટ સ્પર્ધામાં ભાગ લેવા યુવાઓને તથા બાળકોને આગળ આવવા વિનંતી.

ગત ત્રણ માસ દરમ્યાન એક્કમના કોઈ સભ્યનું કે તેમના કુટુંબીજનોનું દુ:ખદ અવસાન થયું હોય તો હાર્દિક શ્રદ્ધાંજલિ. પરમકૃપાળુ પરમાત્મા તેમને પરમ શાંતી બક્ષે એવી પ્રાર્થના.

યાદ રાખો – ભલે લડી-ઝગડી લઈએ, મારીએ કે માર ખાઈ લઈએ પણ બોલા-ચાલી બંધ નહિ કરતાં, કારણકે બોલા-ચાલી બંધ થાય તો સમજોતા (સુલેહ) ના બધા દ્વારો બંધ થઈ જાય છે.

"શબ્દો બની અમે કિતાબમાં મળશું
ખુશ્બુ બની અમે ગુલાબમાં મળશું,
વાયદો કરૂ છું જયારે પણ કરશો યાદ અમને
પાણીનું ટીપું બની તમારી આંખોમાં મળશું."

સાથ અને સહકારની ભાવના સાથે .....

*ચુનીલાલ જીવરાજ ગાલા, પ્રમુખ*

તા.ક. આ અંક પ્રકાશન વખતે ઈશુનું નવું વર્ષ ૨૦૧૪નું આગમન થઈ ગયું હશે. સર્વેને નવા વર્ષની હાર્દિક શુભેચ્છા.... ❦.

# તંત્રી સ્થાનેથી





પ્રિય વાચક મિત્રો,

જય જીનેન્દ્ર !!

જિંદગીની ઘટમાળ ઘટતી રહે છે. દિવસ પછી રાત, સવાર પછી સાંજ, દુ:ખ પછી સુખ, ઉગવું- આથમવું થતું રહે છે. ઉનાળા પછી ચોમાસું અને હવે આવ્યો છે શિયાળો. દબદબા ભર્યો શિયાળો. કડકડતી ઠંડી લઇ આવતો શિયાળો, સુરજના દર્શન કરવાને તલપાપડ કરાવતો શિયાળો, તડકો પણ મીઠો લાગે એવો છે શિયાળો.

કુદરત જાણે સોળે કળાએ ખીલી છે. શહેર પણ હિલ સ્ટેશન જેવા લાગે છે. ફળ,ફૂલ,શાક-પાન વગેરેમાં તાજગી વર્તાય છે.

રાત પણ જલ્દી પડે છે ને નીંદર એક વાર આવ્યા પછી જવાનું નામ નથી લેતી. સૌ કોઈને જવાન બનાવી દેતો આ શિયાળો જોમવંતો છે તેવાં જ તેના શિયાળુપાક. શિયાળુપાક ઘરમાં આવ્યા નથી ને મોટાઓએ પોતાની હકુમત અજમાવી નથી. ઘરનાં સહુ લોકોએ આ શિયાળુપાક તો ખાવા જ પડે જેથી આખું વરસ તંદુરસ્તી જળવાય.

નવી તાજગી, નવું જોમ આપતો આ શિયાળો, આ ઋતુઓની ગોઠવણી, આ વિવિધતા જોઈને થાય છે કે

"મંદિર તારું વિશ્વ રૂપાળું, સુંદર સર્જન હારા રે
પળપળ તારા દર્શન થાયે, દેખે દેખણ હારા રે."

~પ્રતિભા સાવલા ❦

## વાવડ દિપોત્સવી વિશેષાંક માટે .......

આપણે સૌ દક્ષીણ ભારતમાં રહીએ છીએ. આપણે જે વિસ્તારમાં રહેતા હોઈએ એની આજુબાજુ ઘણા એવા રમણીય કે પ્રવાસ કરવા યોગ્ય સ્થળો હોય છે, જે ખુબ જાણીતા કે પ્રખ્યાત નથી હોતા. એવા કોઈ સ્થળની સહેલ આપે માણી હોય તો વાવડના માધ્યમ દ્વારા તે આપ બધા સાથે શેર કરી શકો છો. એ સ્થળની માહિતી સાથે - તેના ફોટા, ત્યાં રહેવાની તથા ખાવા-પીવાની વ્યવસ્થા, ત્યાં કેવી રીતે પહોંચવું, કોઈ મુખ્ય સ્થળથી તે કેટલું દૂર છે વગેરે માહિતી જરૂરથી મોકલશો. આપનો આ લેખ વાવડના દિપોત્સવી વિશેષાંકમાં પ્રગટ થશે. આપ અમને આપનો લેખ vavad12@gmail.com પર આપના નામ, ફોન નંબર તથા સરનામાં સાથે મોકલશો. વધુ વિગત માટે પ્રતિભાબેન સાવલા - 9900180922 / ભાવના વિછીવોરા-9448460056 ને કોન્ટેકટ કરી શકો છો.

## VAVAD DEEPOTSAVI ISSUE .........

In India there's so much to explore, that one lifetime wouldn't be enough. Why India, in Southern India itself there would be so much which we still wouldn't have explored or even heard of. Vavad gives you a chance to reveal such - not so famous, uncommon places that you have visited in the South. They could be places with scenic beauty or having some significant feature. You may send us the photographs of the place along with details like-the distance, accommodation and eatouts, transportation facilities to reach the destination etc to vavad12@gmail.com along with your name, address and contact number. Your write-up will be published in the Vavad Deepotsavi Issue. For any further queries you may call Pratibhaben Savla- 9900180922 or Bhavana Vichhivora – 9448460056.

## The Gujarati Story of Valentine's Day

In spite of what you have been told by everyone, the truth is that Valentine's Day originated hundreds of years ago, in India, and to top it all, in Gujarat!!

It is a well known fact that Gujarati men, specially the Patels, continually mistreat and disrespect their wives, 'Patlanis'. Once on the 14th of February it so happened that, one brave Patlani, having had enough "torture" by her husband, finally chose to rebel by beating him up with a Velan (rolling pin).

Yes....the same Velan which she used daily, to make chapattis for him....only this time, instead of the dough, it was the husband who was flattened.

This was a momentous occasion for all the Gujarati women, and a revolt soon spread, like wild fire, with thousands of housewives beating up their husbands with the Velan.

There was an outburst of moaning "chapatti-ed" husbands all over Anand and Amdavad. The Patel menfolk quickly learnt their lesson and started behaving more respectfully with their Patlanis.

Thereafter, on 14th February, every year, the womenfolk of Gujarat would beat up their husbands, to commemorate that eventful day. The wives having the satisfaction of beating up their husbands with the Velan and the men having the supreme joy of submitting to the will of the women they loved. Soon, the Gujju men realised that in order to avoid this ordeal they need to present gifts to their wives....they brought flowers and sweetmeats. Hence the tradition began.

As Gujarat fell under the influence of Western culture, that Day was called 'Velan time' day. The ritual soon spread to Britain (where there are many Patels even today) and many other Western countries, specifically, the catch words 'Velan time!'. Of course in their foreign tongues, it was got twisted from 'Velantime' and to 'Valentine'.

*And thereafter, 14th of February, came to be known as Valentine's Day.*

## અર્ધ નારીનટેશ્વર

આપણે ત્યાં કેવળ રામનું નામ નથી લેવાતું, સીતારામ સીતારામ કહેવાય છે. કેવળ કૃષ્ણનું નામ નથી લેવાતું, રાધાકૃષ્ણ રાધાકૃષ્ણ કહેવાય છે. બંનેને એકત્ર રાખીને ચિંતન થાય છે. તેના પરિણામે હિન્દુસ્તાનમાં એક એવું ચિત્ર જોવા મળે છે, જેની દુનિયાના કોઈ ચિત્રકારે કે કલાકારે કલ્પનાયે નહિ કરી હોય. એ છે અર્ધનારીનટેશ્વરનું ચિત્ર ! આ જે કલ્પના છે તેની પાછળ ભારે મોટી પ્રતિભા રહેલી છે.

આપણે ત્યાં શક્તિના રૂપમાં સ્ત્રીની મૂર્તિ જ માન્ય થયેલી છે, પુરુષની નહિ. મહિષાસુરમર્દિની સ્ત્રીમૂર્તિ જ છે. સ્ત્રી અબળા છે એવો ભ્રમ તો પાછળથી ફેલાવવામાં આવ્યો છે કે જેથી આ પુરુષપ્રધાન સમાજમાં પુરુષનું આધિપત્ય કાયમ રહે.

-સંત વિનોબા ભાવે.

સ્ત્રી એ બલિદાનમૂર્તિ છે, વાત્સલ્યધામ છે, જીવનસ્તોત્ર છે, આદર્શમૂર્તિ છે, પ્રેરણાતીર્થ છે!! ૮ માર્ચ ના 'વુમન્સ ડે' છે. તે માટે વાવડ ટીમ તરફથી બધી સ્ત્રીઓને શુભકામના. Wish you all a Happy Women's Day in advance.




# બેંગલોર ઘટક

## યુથ કેમ્પ “PANACHE” (પનાશ):

શ્રી દક્ષિણ ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એક્કમના નેજા હેઠળ બંગલોર ઘટક દ્વારા તા. ૧૯ અને ૨૦ ઓક્ટોબરના રોજ શ્રી ધરમશી રિસોર્ટ મધ્યે યુથ કેમ્પ “PANACHE” (પનાશ) નું આયોજન કરવામાં આવ્યું હતું. હૈદરાબાદ, ચેન્નાઈ, બેંગલોર,ગુલબર્ગા,ગદગ અને હુબલીથી  આવેલ ૮૮ યુવા-યુવતીઓએ (૧૫ વર્ષથી ઉપરના અપરણિત) ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

યુથ કેમ્પ દરમ્યાન વિવિધ પ્રોગ્રામ જેવા કે ‘Goal Setting’, ‘You are your own brand’, ‘Real life role play’, ‘Key Hunt’, ‘Avenues for further education and careers’, ‘Yoga and fitness’ etc. રાખવામાં આવ્યા હતા. આ પ્રોગ્રામો ૮ ટીમો બનાવી કરવામાં આવ્યા હતા. રચનાત્મક પ્રોગ્રામ “Value Game” માં યુવાઓની છુપાયેલી શક્તિ બહાર આવી હતી અને ૮ ટીમોએ અદભુત રજૂઆત કરી હતી.

બધાજ પ્રોગ્રામો આમંત્રિત નિષ્ણાત(Experts) પ્રોફેસનલ્સ શ્રીમતી શિલ્પી ખંડેલવાલ (Soft Skills Trainer), શ્રી રાજીવ તલરેજા (The world’s youngest certified coach).પ્રોફેસર શ્રી ઈ.પી.મેનન (India Development Foundation), શ્રી અને શ્રીમતી રમણ (Dhrti Yoga) દ્વારા કરવામાં આવ્યા હતા. શ્રી કે.વી.ઓ.સેવા સમાજના માજી પ્રમુખ શ્રી લેક્ષ જૈન અને વિદર્ભ કે.વી.ઓ.સમાજના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી વસંતભાઈ વોરા “નિરીક્ષક” તરીકે હાજર હતા.

બે દિવસના કેમ્પ બાદ સૌ યુથ કંઇક મેળવીને પોતપોતાના ઘટકમાં પાછા ફર્યા હતા.

આ યુથ કેમ્પની સફળતા માટે શ્રી નિલેશ દેઢિયા, શ્રી અમીશ છેડા,શ્રીમતી અલ્પા છેડા, શ્રી નીરીંત નાગડા, શ્રી કલ્પેશ ધરોડ અને કમીટીના સભ્યો શ્રી સુશીલભાઈ સંગોઇ, શ્રી નીતિન મોતા, શ્રી રશ્મીકાંત વિછીવોરા,શ્રી રમેશભાઈ ગડા તેમજ શ્રી તરુણભાઈ નાગડાએ આપેલ ફાળા બદલ ખૂબ ખૂબ આભાર.

## સંવત વર્ષની ઉજવણી:

નવા વર્ષ નિમિત્તે સમાજના સૌ સભ્યો સોમવાર તા.૪-૧૧-૨૦૧૩ના રોજ સુખ સાગર,ગાંધીનગર મધ્યે ભેગા થયા હતા. કાર્યક્રમની શરૂઆત પહેલા ૮ થી ૧૨ વર્ષના બાળકો માટે “વાવડ કવર પેજ ડ્રોઈંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યાર બાદ નવા વર્ષનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં પ્રમુખ શ્રી ચુનીલાલભાઇ ગાલાએ સૌને આવકારીને નવા વર્ષની શુભેચ્છાનું આદાન પ્રદાન કર્યું હતું. ત્યારબાદ શ્રીમતી અવની ચેતન ગડા અને ભક્તિ વિશાલ ગાલાએ વય ગ્રુપ પ્રમાણે નાના બાળકોથી લઈને મોટા સૌને વિવિધ રમત રમાડી નવા વર્ષની ઉજવણી કરી હતી. ત્યાર બાદ  ડ્રોઈંગ સ્પર્ધામાં ભાગ લીધેલ બાળકોને વાવડના સંપાદક શ્રીમતી ભાવનાબેનના હસ્તે પ્રોત્સાહન રૂપે ઇનામ આપવામાં આવ્યા હતા તેમજ રમતગમતના વિજેતાઓને પણ ઇનામો આપવામાં આવ્યા હતા.

ત્યારબાદ સ્વાદિષ્ઠ ભોજન માણીને  સૌ છુટા પડ્યા હતા.

## શ્રી ક.વી.ઓ.વનિતા વૃંદ:

- શનીવાર તા.૧૨-૧૦-૨૦૧૩ના શ્રી ડી.વી.વી. ગુજરાતી સ્કૂલના પ્રાંગણમાં નવરાત્રી નિમિત્તે દાંડિયા રાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ચણીયા-ચોળી, બાંધણી અને લહેરિયામાં સજ્જ બહેનોએ ગરબા, મટુકડી, રાસના વિવિધ રાઉન્ડ રમ્યા હતા. સંસ્થા તરફથી શ્રીમતી ભાવના જયેશ ગાલાનું સાઉન્ડ સિસ્ટમ માટે આભાર માનવામાં આવ્યો હતો.

**વિજેતા**: ૩૫ વર્ષથી નીચે: બેસ્ટ ડ્રેસ: કુ.નિશા મનસુખલાલ દેઢિયા

બેસ્ટ પ્લેયર: ૧લુ ઇનામ- શ્રીમતી ભક્તિ વિશાલ ગાલા, ૨જુ ઇનામ: શ્રીમતી કોમલ દર્શન ભેદા

૩૫ વર્ષથી ઉપર: બેસ્ટ ડ્રેસ : શ્રીમતી ભાવના નિલેશ ગડા.

બેસ્ટ પ્લેયર: ૧લુ ઇનામ – શ્રીમતી સુનીતા ગિરીશ ગાલા, ૨જુ ઇનામ: શ્રીમતી કિરણ રજનીકાંત દેઢિયા

**વિજેતા**:  જુનિયર કેટેગરી: કુ.આરતી જયેશ ગાલા

**વિજેતા**: સીનીઅર કેટેગરી: શ્રીમતી નિર્મળાબેન ચુનીલાલ ગાલા અને શ્રીમતી સુશીલાબેન છોટુભાઈ ધરોડ

અંતમાં અલ્પહારને ન્યાય આપી સૌ વિખેરાયા હતા.

- તા. ૩૦-૧૧-૨૦૧૩ ના વનિતા વૃંદમાં અનેરી ગેમ્સ રમાડવામાં આવી હતી . પહેલા Party Maniac, Hawaiian Beauties, Cartoon Angels અને Auntygiri નામક ચાર ટીમ્સ બનાવવામાં આવી. પછી શ્રીમતી લીના ડોવીન રાંભિયાએ Plastic glass tower, Pencil flip-flop, Polo and thread, Catch the balls, Balancing coins, Balloon blow, Passing the parcel વગેરે ખૂબજ અવનવી, મનોરંજક અને રસપ્રદ ગેમ્સ રમાડી. ગેમ્સ ની મજા માણી સૌ છુટા પડ્યા.

---

# આંધ્ર પ્રદેશ ઘટક

જય જીનેન્દ્ર ,

આપ સહુને નવા વર્ષ ૨૦૧૪ ની ખૂબ શુભેચ્છા , નવો વર્ષ આપ માટે દરેક ક્ષેત્રે ફળદાયી નીવડે અને આપ પ્રગતી ના નવા શિખરો સર કરતા રહો એવી પ્રભુ પાસે પ્રાર્થના, સાથે પોંગલ / સંક્રાંતી ની પણ શુભેચ્છા.

## સભ્યો નો વિસ્તુતીકરણ

પહેલા બે મહીના માં સહુના પ્રયાસ થી નવા ૨૧ સભ્યોનો સમાવેશ થયેલ છે, આ સાથે સભ્યોની સંખ્યા ૪૦૧ કુટુંબ (હૈદરાબાદ ) અને ૧૬ આજુ બાજુ ના ગામોમાંથી એમ કરી કુલ સભ્યો ની સંખ્યા ૪૧૭ થઇ ગઈ છે. દરેક સભ્ય ને એક કાયમી ક્રમાંક આપવામાં આવેલ છે.

## કેવી રીતે જઈશ

તા. ૨૬-૧૦-૧૩ ના રોજ એક અતી પ્રેરણાદાઈ ગુજરાતી ફિલ્મ "કેવી રીતે જઈશ" કચ્છી ભવન માં મોટા પરદા પર પ્રસ્તુત કરવામાં આવી. છોકરાઓને અમેરિકા મોકલવા માટે માં-બાપ કેવા ખોટા માર્ગો અપનાવે છે અને એના પરીણામ કેવા આવે છે, હકીકતમાં બનેલા પ્રસંગ પર થી આ ફિલ્મ બની છે. પ્રેક્ષકો નો સારો પ્રતીસાદ સાંપડેલ.

## અંતાક્ષરી અને નૂતન વર્ષ મિલન

તા. ૧૦-૧૧-૧૩ ના રોજ "વિશાલ" અંતાક્ષરી નો આયોજન થયેલ જેમાં વીસા જ્ઞાતિ ના લગભગ ૬૦ ગામો ના સભ્યોએ ભાગ લીધેલ. દરેક ગામના નામની દસ ટીમ બનાવવામાં આવી, દરેક ટીમ માં પાંચ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં થયેલ. વિવિધતા ભરી અંતાક્ષરી રમાડવા માટે ત્રણ ઈતર કોમ ની યુવતીઓએ આખા કાર્યક્રમ ને મંત્રમુગ્ધ કરેલ. રસાકસી ભરેલ અંતાક્ષરી ના વિજેતાઓ નીચે પ્રમાણે છે.

**વિજેતા ટીમ :** મુન્દ્રા ટીમ [ સૌજન્ય દાતા શ્રીમતી અમૃતબેન દેવશી વોરા (મુન્દ્રા)]

ટીમ લીડર : શ્રી મહેન્દ્ર દેવશી વોરા (મુન્દ્રા)

અન્ય સભ્યો : શ્રી ઉમેશ નરેશ વોરા (મુન્દ્રા) ; શ્રીમતી જયશ્રી ભાવેશ ગાલા (છસરા); શ્રી જેનીશ મુકેશ ગાલા(છસરા); કુમારી ઉષ્મા નરેશ ગાલા (સમ્ખ્યારી)

**રનર અપ ટીમ:** વડાલા ટીમ [ સૌજન્ય દાતા શ્રીમતી સુશીલાબેન હરીલાલ નીશર (વડાલા)]

ટીમ લીડર : શ્રી તેજસ હરીશ ગાલા (વડાલા)

અન્ય સભ્યો : કુમારી અપેક્ષા દિગેંશ નીશર (વડાલા); શ્રીમતી અલકા નીલેશ સાવલા (વાંકી); શ્રીમતી નીરૂપા ભરત મારુ (ગોધરા); કુમારી આશ્રુતી વીપુલ નીશર (વડાલા)

અંતાક્ષરી ના મુખ્ય સ્પોન્સર્સ "વિશાલ કટપીસ સેન્ટર" ના શ્રીમતી વનીતાબેન ભરત જેઠાલાલ ગાલા (દેશલપર) હતા અને દરેક ટીમ ના સ્પોન્સર્સ પણ અલગ અલગ દસ વ્યક્તિઓ હતા જેમની પ્રેરણા થી અંતાક્ષરી નો કાર્યક્રમ અવિસ્મરણીય બની રહેશે, આ કાર્યક્રમ માં ૫૦૦ થી ઉપર ની સંખ્યા માં પ્રેક્ષકોએ ભાગ લીધેલ.

## ક.વી.ઓ પિકનિક

પટેલ ફાર્મ , કરમન હાટ ખાતે સમાજ ની પિકનિક નો આયોજન થયેલ , સવારનો નાસ્તો , બપોરનો જમણ, સાંજની હાઈ ટી, વિવિધ રમતોની રજુવાત, તમ્બોલા ઈત્યાદી આખા દિવસની પિકનિક માં સભ્યોએ ખૂબજ આનંદ કરેલ અને આવા કાર્યક્રમો ફરી ફરી કરવાની પ્રેરણા આપેલ. પિકનિક માં આવેલ ૨૫૦ સંખ્યામાં સભ્યોએ ભાગ લઇ , ખૂબજ સફળ બનાવેલ.

## કારોબારી સમિતિ ની બેઠકો

દરેક બીજા મહીના (alternate) ના છેલ્લા શનીવાર ના રોજ કમીટી ની બેઠક યોજાય છે, આગલા કાર્યક્રમો ની ચર્ચા વિસ્તાર પૂર્વક કરી નિર્ણયો સર્વ સંમતિ થી લેવાય છે.

## મદુરાઈ ઘટક

### સેવા સમાજ

### નવલા નવરાત્રીની ધમાકેદાર ઉજવણી

૧. તા. ૫.૧૦.૧૩ થી ૧૩.૧૦.૧૩ સુધી નવરાત્રી નું આયોજન કરવામાં આવેલ. નવ દિવસ દરમ્યાન રોજ અલગ અલગ હરીફાઈઓ રાખવામાં આવેલ. તેમજ રોજ અલગ અલગ ડ્રેસ કોડ પણ રાખવામાં આવેલ.ખાસ હરીફાઈમાં બાળકો માટે આરતીની થાળી શણગારવાની હરીફાઈ તથા દાંડિયા શણગારવાની હરીફાઈ અને બહેનો માટે છત્રી શણગારવાની હરીફાઈ રાખવામાં આવેલ. શરદ પૂનમ ના દિવસે સર્વ વિજેતાઓને ઇનામ આપવામાં આવેલ. જેણે વધુમાં વધુ હરીફાઈઓમાં ભાગ લઈ વધુ માર્કસ મેળવ્યા હતા તેને "ચેમ્પિયન ઓફ દ ચેમ્પિયન્સ "નું ખાસ ઇનામ આપવામાં આવેલ .

૨. દિવાળી- નુતન વર્ષની ઉજવણી તા. ૩.૧૧.૧૩ ના દિવાળીના દિવસે આ કાર્યક્રમ રાખવામાં આવેલ. શ્રીમતી મણીબેન શાહ ની સ્વરચિત કવિતા "દિવાળી -સાલમુબારક આશિષ" થી કાર્યક્રમ ની શરૂઆત થઇ. સમાજના વડીલોએ દિવાળી અનુરૂપ વક્તવ્યો આપી નુતન વર્ષની શુભચ્છાઓ આપી. તે દિવસે એક અનોખી હરીફાઈ યોજવામાં આવેલ. દિવાળી અનુરૂપ શણગાર [decoration ] હરીફાઈ :5 x 5 ફૂટ ની જગ્યા આપવામાં આવી હતી. ત્યાં ઘર /ઓફીસ /ગલી /શહેર / મંદિર વિગેરે કઈ પણ ઈમેજીન કરી શણગારવાનું હતું. ટીમ વર્ક કરી રંગોળી, દીવા, તોરણ, પડદા વિગેરે ના મદદથી બધાએ ખુબજ સરસ શણગાર્યું હતું. વિજેતા તથા બધા પાર્ટીસીપેન્ટસ ને ઇનામો આપવામાં આવેલ. ત્યાર બાદ સૌએ સાથે મળીને રંગબેરંગી તારાની જેમ આકાશમાં ઉડતા ફટાકડાની મજા માણી. અંતમાં લહેજતદાર ભોજનની મજા માણી.

૩. તા.૧૩.૧૨.૧૩ ના કુડનકુલમ ન્યુકલીઅર પાવર પ્રોજેક્ટ ની મુલાકાત લીધી. કન્યાકુમારી ની બાજુમાં આવેલ આ વીજળી ઉત્પાદનનું અણુ પ્રકલ્પ છે. ત્યાં પહોચ્યા બાદ પ્રથમ A.V. રૂમ માં power point ના મદદ થી વીજળી ઉત્પાદન ની બધી પ્રક્રિયા સમજાવી અને ત્યાર બાદ મુખ્ય પ્રકલ્પ જોવા ગયા. એક કાર્યરત થઇ ગયું છે અને બીજાનું કામ ચાલે છે .આવા પ્રોજેક્ટ જલ્દીથી લોકોને જોવા નથી મળતા. પણ નીલેશ સંગોઇના પ્રયત્નથી આ શક્ય બન્યુ.

૪.તા.૧૮.૧૨.૧૩ ના" કેન્સર અવેરનેસ "માટે એક સ્પીકર મીટીંગ રાખવામાં આવેલ. WHO [World Health Organization] ના Cancer Prevention department ના વડા ડૉ શંકર નારાયણને કેન્સર વિષે ઘણી બધી જાણકારી આપી.

### મહિલા મંડળ

૧. તા.૨૬.૧૦.૧૩: "માસ્ટર શેફ -જાયકા પનીર કોન્ટેસ્ટ " નું આયોજન કરવામાં આવેલ. સભ્ય બહેનો એ પનીરની ખુબજ સરસ વાનગીઓ બનાવી હતી. વિજેતાઓને ઇનામ આપવામાં આવેલ.

૨. તા.૨૩.૧૧.૧૩: ના power point ના મદદથી સભ્યો તથા બાળકો માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવેલ.

૩. તા.૨૦.૧૨.૧૩: ના અનાથ આશ્રમ માં જઈ ત્યાંના બાળકો સાથે ક્રિસમસ ની ઉજવણી કરી. ત્યાંના બાળકોને વિવિધ રમતો રમાડી. સાન્તાક્લોઝ બની બાળકો સાથે મોજ મસ્તી કરી. બધા બાળકોને વિવિધ ઇનામો તથા ચોકલેટ આપી બધાને ખુશ કર્યા. અંતમાં ત્યાંના બાળકોને ભોજન પીરસ્યું.

### Thunderbolts :

On 17.11.13, Thunderbolts (Youth Group) organized 'Dhating Naach', which was disco with dance related games. The programme was organized under the open sky and members who were divided into various teams were dressed in wonderfully diverse themes as English Comedians, Taporiyon Ke Tapori, Elements of Earth, Unity in Diversity, Social Media, Goan Carnival, Lungi Dance & Indian Cinema. The highlight of the evening was the event where all the participants had to follow the steps of a professional dance teacher.

On 24.11.13, Thunderbolts organized 'Sports Day' event for its members. The event was filled with joy, when members played Caterpillar race, Brick Walk, Hurdles, 100 meter dash, slow cycling and enjoyed in the splash of water in 'Water polo' too.

## એક્કમના નેજા હેઠળ આગામી કાર્યક્રમ

- શ્રી દ.ભા.ક.વી.ઓ.જૈન એક્કમ ના ઉપક્રમે યુથ કેમ્પનું આયોજન આંધ્ર પ્રદેશ ઘટક દ્વારા તા. ૧૬ અને ૧૭ ઓગસ્ટ,૨૦૧૪ના રોજ હૈદરાબાદ મધ્યે કરવામાં આવ્યું છે. વધુ વિગત પછીના અંકમાં આપવામાં આવશે.
- શ્રી દ.ભા.ક.વી.ઓ. જૈન એક્કમના ઉપક્રમે દ્વિતિય ચરણનું આગામી મહા સંમેલન બેંગલોર ઘટક દ્વારા શનીવાર-રવીવાર તા. ૧૭ અને ૧૮ જાન્યુઆરી,૨૦૧૫ના રોજ આયોજિત કરવામાં આવેલ છે જેની વધુ વિગત પાછળથી જણાવવામાં આવશે.

## પગલીના પાડનાર

### પુત્ર જન્મ

**આંધ્ર પ્રદેશ ઘટક**

| | | |
|---|---|---|
| ૧. શ્રીમતી પૂર્વી ચિરાગ રતિલાલ છેડા | - લાયજા મોટા | – હૈદરાબાદ |

### પુત્રી જન્મ:

**આંધ્ર પ્રદેશ ઘટક**

| | | |
|---|---|---|
| ૧. શ્રીમતી ફાલ્ગુની જીતેન શાંતીલાલ નાગડા | - ભોજાય | - હૈદરાબાદ |
| ૨. શ્રીમતી અંકીતા કેતન દામજી સાવલા | - ડુમરા | - દુબઈ |
| 3. શ્રીમતી ભાવિની ભાવેશ તારાચંદ હેણીયા | - સાભરાઈ | – હૈદરાબાદ |

## સગાઈની વધાઈ

**બેંગલોર ઘટક :**

| | | |
|---|---|---|
| આદિત્ય જયંત સુંદરજી ભેદા | - ગોધરા | - બેંગલોર |
| રાધિકા સુનીલ ગોવિંદજી શાહ | - સાંધણ | - કોલકતા |

**આંધ્ર પ્રદેશ ઘટક :**

| | | |
|---|---|---|
| પ્રતીક કિશોર ધનજી કુરિયા | - સાભરાઈ | – હૈદરાબાદ |
| વંદના દીપક જાધવજી ભેદા | - ભુજપુર | - નાગપુર |
| જીનલ મહેન્દ્ર દેવશી વોરા | - મુન્દ્રા | - હૈદરાબાદ |
| દીપેન સૂર્યકાંત ભીમશી રાંભિયા | - ગુંદાલા | – મુંબઈ |

## લગ્નની વધાઈ

**બેંગલોર ઘટક :**

| | | |
|---|---|---|
| હેતલ ભુપેન્દ્ર ભવાનજી વિશરીયા | - કોડાય | - બેંગ્લોર |
| મુકેશકુમાર મથુરભાઈ બારીયા | - વડોદરા | - બેંગ્લોર |
| અભય દિલિપ મગનલાલ ધરોડ | - પત્રી | - બેંગ્લોર |
| જીનલ જતીન પોપટલાલ રાંભીયા | - નાના ભાડીયા | - મુંબઈ |

**આંધ્ર પ્રદેશ ઘટક**

| | | |
|---|---|---|
| જીનલ મહેન્દ્ર દેવશી વોરા | - મુન્દ્રા | - હૈદરાબાદ |
| દીપેન સૂર્યકાંત ભીમશી રાંભિયા | - ગુંદાલા | - મુંબઈ |
| લક્ષય હિતેન મોહનલાલ ગાલા | - લાખાપર | - હૈદરાબાદ |
| કિંજલ પંકજ હીરજી સાવલા | - બેરાજા | - હૈદરાબાદ |
| ગૌરવ કીર્તી નાનજી ગાલા | - લાખાપર | - હૈદરાબાદ |
| હેનલ પંકજ વલ્લભજી સાવલા | - નાવાવાસ | - હૈદરાબાદ |
| રીયા વિલાસ તલકશી ગાલા | - ચીઆસર | - હૈદરાબાદ |
| વૈભવ ગુલાબચંદ શામજી હરીયા | - નરેડી | - મુંબઈ |
| જય અનીલ મેઘજી નાગડા | - વરંડી મોટી | - હૈદરાબાદ |
| મીનાક્ષી વિપિન ધૂત | | - હૈદરાબાદ |

## અરિહંત શરણ

**બેંગલોર ઘટક**

| | | | |
|---|---|---|---|
| ૧. દમયંતીબેન લક્ષ્મીચંદ (લેક્ષ) જૈન (સત્રા) | ઉ.વ. ૬૮ | - ગુંદાલા | - બેંગ્લોર |

**આંધ્ર પ્રદેશ ઘટક**

| | | | |
|---|---|---|---|
| ૧. અ. સૌ . સરલા કીર્તી નાનજી ગાલા | ઉ. વ. ૫૫ | - લાખાપર | – હૈદરાબાદ |
| ૨. શ્રી. ધનજી રામજી છેડા | ઉ.વ. ૭૦ | - વાંકી | – હૈદરાબાદ |
| ૩. અ.સૌ. કબુબેન દામજી જીવરાજ નાગડા | ઉ.વ. ૮૨ | – વરંડી મોટી | - હૈદરાબાદ |
| ૪. શ્રી જીતેન હીરજી ગોસર | ઉ.વ.૪૫ | - મોટા રતાડીઆ | – હૈદરાબાદ |
| ૫. માતુશ્રી પાનબાઈ મુરજી મારુ | ઉ.વ.૮૦ | - ભોજાય | – હૈદરાબાદ |

**ઉત્તર કર્ણાટક ઘટક**

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી હીરાલાલ ચુનીલાલ ગાલા | ઉ.વ. ૭૦ | લાખાપુર | - હાલે કોપ્પલ |
| ૨. માતૃશ્રી મણિબાઈ ટોકરશી સાવલા | ઉ.વ. ૮૪ | વાંકી | - હાલે હુબલી |
| ૩. માતૃશ્રી મણીબાઈ ગાંગજી ગડા | ઉ.વ.૮૦ | સાભરાઈ | - હાલે રાયચુર |



# મહિલા MUNCH

## શિયાળુપાક કાચરીયું

**સામગ્રી :**

૧ કપ કાળા તલ
૧/૨ કપ ખમણેલું ગોળ
૩/૪ કપ સમારેલી ખજૂર
૨ ટેબલસ્પૂન સુકું કોપરું
૧ ટેબલસ્પૂન તળેલું ગુંદર
૧/૨ ટેબલસ્પૂન સૂંઠ પાવડર
૧/૨ ટેબલસ્પૂન ગંઠોડા પાવડર
૨ ટેબલસ્પૂન બદામ+પિસ્તા+અખરોટ નો પાવડર

**સજાવટ માટે :**

૧/૨ ટેબલસ્પૂન ખસખસ
૧ ટેબલસ્પૂન સમારેલી બદામ

**રીત:**

સૌપ્રથમ તલને ધીમા તાપે ૨ થી ૩ મિનીટ સેકો. ઠંડા થઇ જાય ત્યારે સજાવટની સામગ્રી શિવાય બધી સામગ્રી એક સાથે,૨ મિનીટ મિક્સીમાં પીસી લો. ફરી એકવાર બધું મિક્સ કરી ૨ મિનીટ પીસો. હવે એક મિક્સિંગ બાઉલમાં આ સામગ્રી નાંખી લોટ બાંધીએ તેમ તેલ છુટે ત્યાંસુધી મિક્સ કરો. પછી તેને જેલી જેવો શેપ આપી તેની ઉપર ખસખસ અને બદામથી ડેકોરેશન કરો.

કવિતા વિપુલ વિસરીયા, બેંગલોર.
9480585359.

## કિચન ટિપ્સ

સમોસા બનાવતી વખતે લોટમાં એક ટેબલસ્પૂન કોર્નફલોર નાંખવાથી, સમોસા વધારે ક્રિસ્પ થશે અને મોણ પણ ઓછો જોઇશે.

ગેસનું લાઈટર ખરાબ થઇ જાય, તેમાંથી સ્પાર્ક ન આવતો હોય તો તેમાં જરાક પેટ્રોલ નાંખી સાફ કરવો. લાઈટર ફરી ચાલુ થઇ જશે.

ઈલા નીતિન મોતા, બેંગલોર.
080 23129881

## પ્રેરક પ્રસંગ-૧

પોલીએના નામનું પુસ્તક મન પર એક અસર છોડી ગયું તેની વાત કરું છુ. પોલીએના નામની નાની છોકરીનું જીવન દુર્ઘટનાઓથી ભરેલું છે. તેમાંથી સુખ શોધવાની ચાવી તેના પિતાએ નાનપણમાં તેને આપી હોય છે. જે કંઈ પરિસ્થિતિ છે તેમાંથી સુખ શોધવાની રમત એ પિતા પોલીએનાને શીખવે છે. પોતાની પાસે જૂતા ન હોવાના દુ:ખથી વધુ દુ:ખ તો જેની પાસે પગ નથી તેનું છે. પોતાના ભાઈ ભાંડરૂ માટે કંઈ જતું કરવું તેનું પણ સુખ છે તે વખત જતાં સમજાય છે.

આગળ જતાં પોલીએના બીજાઓને પણ દુ:ખમાંથી નીકળવાની ચાવી બતાવે છે. વરસોથી અંધારા ઓરડામાં બીમાર રહેતી યુવાન સ્ત્રીને તે સૂપ આપવા જાય છે ત્યારે તેના રૂમનો પડદો હટાવી સૂરજના પ્રકાશમાં તેના સુંદર ચહેરાને અને વાળને જોઈ તેની સરાહના કરે છે જે પેલી સ્ત્રીના ચહેરા પર સ્મિત લાવે છે. વળી એ સ્ત્રીના જુના શોખ જગાવી એના પ્રત્યે ફરીથી તેનો રસ જગાડી એને જિંદગીની સન્મુખ કરે છે.

નાનપણમાં આ વાતો શીખવા મળી અમને અમારા પિતાશ્રીથી. દરેક ઘટનાના બે અભિગમ હોય છે જયારે તમે POSITIVE અભિગમ SELECT કરો છો ત્યારે તમારી જાતની સાથે ન્યાય કરો છો. દુ:ખની બાદબાકી ત્યાં જ થઈ ગઈ ને સુખનો સરવાળો થઈ ગયો એ વખત જતાં સમજાય છે. એક આવો POSITIVE અભિગમ જયારે નજર સામે જોવામાં આવે ત્યારે તેની અસર બીજી વ્યક્તિ પર જરૂર થાય છે.

**-પ્રતિભા સાવલા.**

## પ્રેરક પ્રસંગ-૨

હું નવમા ધોરણમાં ગોધરો હોસ્ટેલમાં ભણતી હતી ત્યારે એકવાર માંદી પડી. તબીયત માટે ડૉક્ટરે લસણ ખાવાની સલાહ આપી.મારી લસણ ખાવાની બાધા હતી તેથી એવી દવા કરવાનુ મને ઠીક ન લાગ્યુ. તે વખતે હોસ્ટેલના ગ્રહમાતા પાનબાઈ હતા. કોઈએ તેમને મારી તબીયત અને તેની માટે ડૉક્ટરે કરેલા સૂચન વિષે કીધું. મારી બાધાની વાત સાંભળી તેમણે મને પાસે બોલાવી અને ખૂબ શાંતિથી સમજાવ્યું, કે મંદવાડ અથવા એવા કોઈ સંજોગોમાં દવા રૂપે બાધા લીધેલ વસ્તુ ખાવી પડે તો તેની છૂટ હોય. તેથી બાધામાં ભંગ ન પડે. પ્રેમ અને વ્હાલથી કહેલી એમની વાત મારા મગજમાં ઉતરી ગઈ. જલ્દી જ હું સાજી થઇ ગઈ. મારી માટે તેઓ પ્રેરણારૂપ બન્યા. ત્યારે ગ્રહમાતા (જેમને અમે બાઈ કહેતા) હોસ્ટેલમાં ભણતી બધી છોકરીઓના માતા બનીને રહતા અને બધાનું ધ્યાન રાખતા. પણ આજની માતાઓ પોતાના એક-બે છોકરાઓને સંભાળી શકતી નથી અને કહે છે કે તમને હોસ્ટેલમાં મુકી દઈશું ત્યારે એમની વાત સાંભળીને મારૂ કાળજુ ચિરાય છે.

**સૌ પ્રભાબેન શાંતીલાલ છેડા, બેલ્લારી. 8392267382.** ❦

### માનની મુસાફરી

| | | |
|---|---|---|
| ૧ | ____માન | = વૃદ્ધિ પામતું |
| ૨ | ____માન | = આદરણીય |
| 3 | ____માન | = સાંપ્રત સમય |
| ૪ | ____માન | = એક સંબોધન |
| ૫ | ____માન | = જુદાપણું |
| ૬ | ____માન | = ઘમંડ |
| ૭ | ____માન | = આત્મ ગૌરવ |
| ૮ | ____માન | = ઇચ્છા |
| ૯ | ____માન | = ગગન-આકાશ |
| ૧૦ | ____માન | = ઘટતું જતું |
| ૧૧ | ____માન | = ધિક્કાર |
| ૧૨ | ____માન | = અહંકાર |
| ૧૩ | ____માન | = નિમંત્રક |
| ૧૪ | ____માન | = અતિથી |
| ૧૫ | ____માન | = પવન પુત્ર |
| ૧૬ | ____માન | =ધનુષ્યને હોય |
| ૧૭ | ____માન | = ડોલતું-ચલિત થવું |
| ૧૮ | ____માન | = સંતોષી |
| ૧૯ | ____માન | = જળહળતું |
| ૨૦ | ____માન | = ધારણા |

### આમાં કચ્છી સ્ત્રીઓના નામ છુપાયેલા છે, તે શોધી કાઢો

૧. સાકર સ્વાદ મા કેવી હોય
૨. જમ્યા પછી મુખવાસ તરીકે ખવાય
૩. દુધી એના ઉપર થાય
૪. એક આર્યુવેદીક વસ્તૂ
૫. આજે બધાને સ્વમાન જોઈએ છે
૬. એક પવિત્ર નદી
૭. શરીર નુ એક અંગ
૮. વરસાદ પડવાથી ઘણી જગ્યાએ જામે
૯. એક કઠોળનુ નામ
૧૦. રાંઝાની પ્રેમીકા
૧૧. પુનમના દિવસે ચંદ્રનુ ઘણું હોય
૧૨. જે દેખાવમા સ્વરૂપવાન હોય
૧૩. રાજાના પુત્રને કહેવાય
૧૪. જેનાથી ભગવાનની પુજા થાય
૧૫. શાકાહારી જમણને કહેવાય
૧૬. આંખની કીકીનું બીજું નામ
૧૭. જે ખાય દુધી એની વધે
૧૮. મીઠાઈ એના વગર થાય?
૧૯. સોનાને કહેવાય
૨૦. શ્રીકૃષ્ણની માતાનું નામ

(જવાબ: Page 19)




**MADURAI'S FIRST SHOPPING MALL!**

A retail centre that entertains! It's Marvelous, It's Amazing & it's one of the best shopping Destination in the city. Located at K.K Nagar, A prosperous and high Density catchments area and it is just 15 minutes away from the world famous "MEENAKSHI AMMAN TEMPLE". This 90,000 sq.ft. Mall has a lot of pulsating entertainment and brand penetrating retailing all under one roof

# Milan'em Mall

100 Feet Road K K Nagar Madurai 20 Ph 4347000

Super Market | Branded Outlets | Food Court | Theaters | Kid's Play Area

**Milan**
12-13-14 Amman Sannathi
Madurai 625001 Ph: 2629465

**M*Mart**
MILAN'EM MALL 100 FEET ROAD
K.K.NAGAR MADURAI Ph : 4347000

**Milan SHOPPE**
196, Bye Pass Road,
Madurai - 625010. Ph: 2385989

**Roopam**
*Eve's Shoppe*
35 Vengalakadai Street
Madurai - 625 001. Ph: 4377342

૩૦ વર્ષના કેટરીંગ ક્ષેત્રે બહોળા અનુભવ સાથે

# કૃણાલ કેટરર્સ (ખાર-વેસ્ટ)ની

દુદુંભી વાગી અને આપના શુભ- ભાવો

અમારા પ્રત્યે પ્રગટ્યા

અભિનંદન......આભાર.....

કૃણાલ કેટરર્સના મંગલાચરણ મંડાઇ ચુક્યા છે

હવે આપના આવકારને અમે અંતરથી ચાહીએ છીએ



- ✓ પૂજન,
- ✓ પહેડી,
- ✓ સગપણ સંધ્યા,
- ✓ લગ્ન પ્રસંગ,
- ✓ ગેટ-ટુ-ગેધર,
- ✓ બર્થ ડે પાર્ટી
- ✓ તપસ્યા સાંજી,
- ✓ સ્વમિવાત્સલ્ય

પ્રસંગે કૃણાલ કેટરર્સ રહેશે સદાબહાર......

આપના શુભ પ્રસંગો હશે શાનદાર.....

કેટરીંગ દ્વારા અમે બનાવશું એને જાનદાર

## કૃણાલ કેટરર્સ (ખાર-વેસ્ટ)


શોપ નં. ૨૦, હરી માર્કેટ, રોડ નં ૪, રેલ્વે સ્ટેશનની સામે ,ખાર(વેસ્ટ),મુંબઈ-૪૦૦૦

E-mail: krunalddh1@gmail.com

ચાંપશી કરમલ દેઢીયા 9224147687 કૃણાલ ચાંપશી દેઢીયા 9967227374

નાની તુંબડીવાલા














# D B K V O Youth Camp PANACHE 2013

- Dharamshi Resorts, Bangalore. 19-20 Oct
- www.fb.com/panache.dbkvo







## ADDITIONS/CORRECTIONS to YOUNG ACHIEVERS LIST



**NIRALI**
**98.2% SSLC**
JYOTI NILESH VORA
*NAVINAR / COIMBATORE*



**SAURABH**
**CBSE : CGPA: 9.6**
LATA SUNIL CHHEDA
*Ratadia Ganeshwala / Bangalore*

# Adonis

## Line Frequency APR X-Ray System

*True Value for Money with Redefined Technology*

EXCELLENCE IN TECHNOLOGY
AERB Approved
DEDICATION IN SERVICE






- Soft Touch keyboard with Automatic selection of kVp, mA and mAs for each body part.
- Illuminated LCD Display for Digital display of Body Part, kVp, mA and mAs.
- Each body part is programmable for new selection of kVp, mA and mAs through Soft Touch keypad.
- Actual Input Voltage display for accurate Voltage Compensation.

ISO 9001:2008
CE
ISO 13485:2003


ATUL S. GALA

Mob : 9448482550

**R. R. IMAGING COMPANY**

Dealing in : x-ray Machine, C-Arm Image Intensifiers, Hospital Furnitures & I.C.U. Cots.

Office : # F-10, White House, 1st Floor, Opp. SBI Bank, St. Marks Road, Bangalore - 560 001. Ph.: No. 080-22218818, 22123755
E-mail : simic_xrays@rediffmail.com

DeeJay

# SHA DAMJI JADAVJI & CO.

GENERAL MERCHANTS & COMMISSION AGENTS

Neeligin Road, Hubli - 580 029.
Tel. : (0836) 2352364, 2250111

| | | | | | |
|---|---|---|---|---|---|
| | : 9448366364 | (R) 2362364 | Arvind | : 9343401074 | (R) 2362564 |
| Virendra | : 9243281264 | (R) 2366364 | Ashwin | : 9448190664 | (R) 2363064 |

geeta Plastics

Manufacturers : Plastic House Hold & Industrial Products

Neeligin Road, Hubli - 580 029.
Tel. : (O) 2250111, (R) 2366364

Virendra Damji Chheda
: 9243281264.

કાવ્ય સરિતા

## "જુદાઈ તમારી"

જુદાઈ તમારી ઘડિભર સહી નથી શકતો,
સુરા વિના શરાબી હવે, રહી નથી શકતો.
પુછે છે, બેદર્દ દોસ્તો શું હાલત બનાવી છે,
તડપ દર્દની વાતો હું, કોઈને કહી નથી શકતો.

શોધે છે સુર મારા, હર મહેફિલમાં તમને,
તમે હોતા નથી તો, કંઠ વહી નથી શકતો.
વસંત, પાનખર છે, ક્રમ કુદરતનો તો પણ,
દિલે બુલબુલ, રૂદન વિના રહી નથી શકતો.

જાણું છું, મજા છે જલનમાં મિલનની,
પણ પતંગો પ્રેમનો હું થઇ નથી શકતો.
વેરાઈ જાય છે અરમાન, અથડાઈ કિનારાને,
કદી સાગર, બની "પાગલ", વહી નથી શકતો.

*'પાગલ', કલ્યાણજી કુંવરજી સૈયા.*
*ચેન્નઈ. 9150140370*

## ઋતુની રાણી 'વસંત'

વસંત ઋતુના શીતલમય.....મહેકે વાયરા
પાનખરના વિતી ગયા દિવસો સુકા ને આકરા
હરિયાળીમય કુદરત બને, મનમાં છે હાશકારા
દીપી ઉઠે ફૂલોનાં રંગ-બેરંગીન ભીના ક્યારા.

વસંત ઋતુમાં લહેરાયા ધન-ધાન્ય ને પશુના આહારા
જંગલ,પર્વત ને ભૂમિપર છવાયા સૌન્દર્યના નજારા
દિન-રાત પક્ષીઓના ને કોયલના મીઠા છે ટહુકારા
તાજગીમય ઠંડીના  આરોહ-અવરોહમય છે ચમકારા.

વસંત ઋતુના અનેક ઉત્સવોમાં ફૂટે ઉમંગમય ફુવારા
સર્વત્ર આનંદ-મંગલમમાં સફળ છે ભાવિના ભણકારા
'ધીર' 'સ્વ'  શક્તિમાં પચાવો મીઠા ભોજન પ્યારા-પ્યારા
વસંતમય સંદેશમાં બનો સર્જનાત્મક ને ન્યારા-ન્યારા.

પ્રકૃતિ  સંગ વસંત ઋતુના બાહ્ય સ્વરૂપની આબેહુબ છબી, આ સુંદર રચના દ્વારા આપની નજર સમક્ષ તરવરી રહી હશે, એની સાથે હવે કવિ 'ધીર' આપણને એક અનેરી વસંત માણવા આપણા આંતર મનના પ્રવાસે લઈ જાય છે.

# ‘અદભૂત વસંત’

સદા બહાર છવાય છે જ્યારે.....જયારે ‘ઋતુ વસંત’
મરક.....મરક..... હાસ્યમય ખીલી રહ્યા આપણે ને ભગવંત
અમી-દ્રષ્ટિમાં નજરો-નજર સમાવીએ તે જીવંત
ધન્ય.....ધન્યના અહેસાસ પામીએ એવા છીએ ભાગ્યવંત.

સંસાર જીવનમાં કોઈક ક્ષણો હશે ગંભીર ને દુ:ખંત
પાનખર.....પછી જ આવે છે, મધુરમ સુખદ વસંત
સમય, સમજણ ને સાહસમાં ઉભરે અનેક.....સત્સંગ
સદા ભીતરમાં મહેકે આદર્શમય, આત્મીય છે વસંત.

સંગાથમય સરવાળામાં અપનાવીશું આ અનેરી વસંત
સહકારમય ભાવનામાં ખીલવીશું દરેક.....શુભમ પ્રસંગ
‘ધીર’ સુવર્ણ જેમ સાંચવીશું, મસ્ત યાદગાર ને જયવંત
ભગવંત કૃપામાં સફળ – સંદેશમય, બને રંગીન વસંત.

*‘ધીર’ છોટુભાઈ ધરોડ, બેંગલોર.*
*9343829299.*

મારો દીકરો અંકિત જયારે દસ મહિનાનો હતો ત્યારની બાળસહજ “**રમત**” મેં અહીં વર્ણવી છે. જેમ જેમ આપણે મોટા થતા જઈએ છીએ તેમ તેમ કુદરતના રહસ્યો આમજ આપણને અચંબો પમાડે છે ને.. !! પહેલીવાર જયારે આગિયાને અંધારામાં ઝબુકતા જોયા ત્યારે કંઇક આવુંજ લાગ્યું.

“જરા અંધાર નાબૂદીના દસ્તાવેજ લઇ આવ્યો,
અરે ! લો આગિયો સૂરજથી થોડું તેજ લઇ આવ્યો.”

તો શ્રી ચંદવદન ચી મહેતાએ “એક અજવાળું” કાવ્યમાં કહ્યું છે...

“એક આવ્યું એવું અજવાળુંજી,
એને કેમ કરીને સંભાળુંજી!
તરતું, સરતું, ઝરતું નીકળ્યું,
ભવમાં એ ભટકાણુંજી.
ક્યાંથી સરકવું, જ્યોતિ મલકતું,
ઘટમાં ક્યાંક ભરાણુંજી.”

કવિ કહે છે આ અજવાળારૂપી આત્માને દેહ રૂપી બંધન છે તે પણ જડ અને ચેતનની રમતને કારણે છે. એને હવે જન્મ મરણના ફેરા માંથી કેમ બચાવું, કેમ સંભાળું, કેમ જતન કરું ?

# રમત

અજવાળું જમીન પર ઢોળાયું
નાનો સુર્ય વેરાયો અહીં તહીં
એ નાના સુર્યને લેવા જાય નાનું બાળ
હાથ મહીં ના આવે કાંઈ
આ તે કેવી માયાજાળ.
નજર ગઈ ત્યાં અહો!
વરસે સૂરજ બનીને એક ધાર
હમણાં જ પકડી લઉં હું અધ્ધર
જે ના ઉંચકાયો જમીનથી ઉપર
ઉઘાડ બંધ મુઠ્ઠી કરે નાનું બાળ
શ્રી રામચન્દ્રે ચાંદો માગ્યો
હું માગું એક સૂર્ય
તારી મારી રમતમાં એકવાર
આવીજા મુજ હાથ
પળભર માટે આવીજા મુજ હાથ

*-પ્રતિભા સાવલા, બેંગલોર*

# દર્પણનું પ્રતિબિંબ

- રૂષભ તુરખીયા(અંતરમનનો સાદ)

email : rushabh@yourturnnow.in

શનિવારની એક રાત હતી. અમે રાતે બહાર જવા માટે તૈયાર થતાં હતાં. મેં છેલ્લીવાર દર્પણમાં જોયું અને મનમાં એક વિચાર ઝબક્યો. હું દર્પણમાં મંત્રમુગ્ધ બની જોઈ રહ્યો.

જે વિચારોએ મને મનનશીલ બનાવી દીધા એ હતાં :

દર્પણને જુઓ, એને જે કંઈ પણ દર્શાવવામાં આવે તે સ્વીકારી લે છે. તે સારૂં પણ હોઈ શકે અને નરસું પણ હોઇ શકે. તે સુંદર હોય કે કુરૂપ, મહાકાય હોય કે અત્યંત ઝીણું, સકારાત્મક હોય કે નકારાત્મક, દરિદ્ર હોય કે ધનવાન. દર્પણને કોઈ વાત નો છોછ નથી.

તે બધું સ્વીકારે છે, પણ કશાથી પણ લુપ્ત નથી થતું (બંધાતું નથી). તે સહુને ચાહે છે, પણ કોઈને જકડી નથી રાખતું. એને ભીંત પર ટીંગાડવામાં આવે છે, પણ તે કોઈને પણ ચોંટી નથી રહેતું. સ્નોવાઈટની માતા ચાહતી હતી કે દર્પણ તેણીને કહે કે તે દુનિયામાં સહુથી સુંદર છે, પણ દર્પણ કોઈની પાસેથી કોઈ પણ અપેક્ષા નથી રાખતું. તે કેટલું સ્થિર અને શાંત છે. તે તમને તમારૂં ખરૂં સ્વરૂપ બતાવે છે. તમે જો એના ટુકડેટુકડા કરશો તોપણ એ તમને એના દરેક ટુકડામાં એજ તથ્ય બતાવશે. જતું કરવાના એના ગુણને લીધે તે દરેક સમયે નવી વાસ્તવિકતાને સ્વીકારી શકે છે. દર્પણ શું છે? સિલ્વર નાઈટ્રેટના કોટિંગવાળો એક કાચ. તો શું આપણે એમ કહી શકીએ સિલ્વર નાઈટ્રેટ એ દુનિયા પ્રત્યે દર્પણે પહેરેલી એક મન:સ્થિતિ છે? જેથી તે દુનિયાથી સર્વશ્રેષ્ઠ, સુંદરતા, અમાપ સમૃદ્ધિ અને ઘન લાગણીઓથી અલિપ્ત થઇ શકે.

આ બધું શું છે? કાચનો આ ટુકડો મને શું શિખામણ આપે છે?

શું આપણે દુન્યવી સુખુપભોગોથી અલિપ્ત થઇ શકીએ? શું આપણે જતું કરી શકીએ અને જે લોકોએ આપણને દુભવ્યા હોય તેમને માફ કરી શકીએ? આપણે લોકોને કોઇ પણ પ્રકારની શરતો વિના પ્રેમ કરી શકીએ? આપણને પીડા આપતી લાગણીઓને આપણે છોડી શકીએ? શું આપણે માત્ર વર્તમાનમાં જીવી શકીએ? શું આપણે બધું ભૂલીને જીવનમાં આગળ વધી શકીએ? શું આપણે અપેક્ષારહિત બની શકીએ કે જેથી દરેક ક્ષણ આશ્ચર્યજનક બની રહે અને દરેક અચરજ આપણને આનંદિત કરે? શું આપણે ભૂતકાળને ભૂલી જઈ શકીએ જેથી આપણું મનોવિશ્વ નવી તકને આવકારી શકે? શું આપણે ટુકડેટુકડા થયા પછી પણ જીવનમાં આપણી ભૂમિકા નિભાવી શકીએ?

શું આપણે કાચના એક સાદા ટુકડા બનવાને બદલે સિલ્વર નાઈટ્રેટ પહેરેલા દર્પણ જેવો અભિગમ રાખી શકીએ?

સંકલન, લક્ષ્મીબેન વિછીવોરા, બંગલોર.

9448486849 ✍

# અનોખું આભુષણ

- સંત પુનીત.

એવી કઈ ચીજ છે જેમાં ગાંઠનું ગોપીચંદ કરવું ન પડે, અને છતાં ગાંઠે બાંધવા જેવું ઘણું બધું મળી રહે !

એવી કઈ વસ્તુ છે, જે લેનારને સમૃદ્ધ બનાવે, છતાં આપનારની સમૃદ્ધી ઓછી ન થવા દે!

એવું શું છે, જે આપતા માત્ર એક જ ક્ષણ લાગે, છતાં યાદગીરી જીવન સાથે જોડાઈ જાય?

જેના વિના ચલાવી લેવાનું પોષાય એવો કોઈ સમૃદ્ધ નથી, અને જેના વડે સમૃદ્ધિ ન બનાવી શકાય એવો કોઈ ગરીબ નથી. આવી વસ્તુને આપ ઓળખો છો ખરા? જેને કોઈ મુલ્યે ખરીદી શકાતું નથી, જેને ઉછીનું લઇ શકાય તેમ નથી.

ભીખ માગવાથી જે મળતું નથી, ચોરી કરીને જેને લઇ જવું શક્ય નથી, બોલો કંઈ ખ્યાલ આવે છે, આવી વસ્તુનું ?

જ્યાં સુધી છુટે હાથે, મોકળે મને, હસ્તે હૈયે એનું દાન દેવાતું નથી ત્યાંસુધી આપનાર કે લેનાર કોઈને તેણી કશીજ કિંમત હોતી નથી. કેટલાક લોકો એટલા કન્જૂસ હોય છે કે, મફત મળેલી વસ્તુને પણ મફત તો આપી શકતા જ નથી, પરંતુ પૈસા લઈનેય આપી શકતા નથી.

આટલું બધું મોણ નાખ્યા પછી, હવે તમને આવી ઉમદા ચીજની ઓળખાણ કરાવવી ઉચિત સમજું છું.

એ વસ્તુનું નામ છે – સ્મિત.

સંકલન, -વાલબાઈ વિસનજી કારાણી, બંગલોર.

080 22240941 ✍

# EDITOR'S MESSAGE

## FROM ME TO YOU ...



Hello friends,

Wish you all a Happy New Year and Happy Sankranti. Makar Sankranti reminds me of those lovely childhood days (spent in Maharashtra) when we would carry 'elchi dana' in small, cute, colourful varied plastic 'dabbi's' in the shape of apple, tomato, flower, basket etc to our friends and neighbours, gifting it to them and greeting them saying, 'tilgul gya aani god god bola' (in Marathi) which means 'take sweet and talk sweet'. As a kid this was mere fun and excitement and we would get amused over our collection of the 'Sankranti chi bhet' (the Sankranti gift) that we got in return. Today as I realize, that the underlying thought in the exchange of 'tilgul' was to forget the past ill-feelings and hostilities and resolve to speak sweetly and remain friends, I feel it was a wonderful way to begin a new year.

Sankranti turns its back and carrying its sweetness along we head towards the most stunning season of the year that rejuvenates Mother earth – the Spring. The season full of transformations. It is time for every bush and bower to spring to life with blooms of colour and fragrance, vibrant as sparklers in festive display. The aura of Spring fills the world with woody aroma of delicious greenery and the sweet fragrance of flowers. In Spring, the creation looks like a dance of God. Spring is a season that feasts the eyes. The trees laden with lovely flowers seem to uplift our spirit. Flowers speak in so many ways. They are a symbol of life and regeneration as they lead to seed and then another plant, tree and bush. Flowers symbolize life, beauty, love and affection. There is so much positive energy in these little flowers that they give us pleasure just by being. They emit such a lovely vibration. Each flower with its own unique quality, whether it be subtle fragrance, arresting colour or liveliness of design smiles happily and this very sight makes my heart leap as Wordsworth's must have when he saw his lovely Daffodils. Narrow boundaries seem to melt away in this vast beauty and oneness with Nature.

The moments of my life spent with Nature have been full of pure incredible wonder. It has sometimes amazed me, sometimes silenced me, sometimes made me feel so happy for no reason, sometimes generously revealed so much , sometimes helped me connect to my inner self. Nature has taught me a lot through its wondrous ways!! Things are so synonymous in our life and in Nature. After overcoming the harsh bouts of the winter, how beautifully the plants blossom in Spring, similarly in our life too people and circumstances with adverse nature make our going tough, which when we positively overcome, take us to another level to bloom spiritually, grow within and feel the true essence of joy. Pleasure is always derived from something outside us, whereas joy arises from within.

Friends, a special thanks to you all for bringing back the Spring to Vavad. Its so nice to see you all becoming a part of Vavad and flowering it by contributing a poem, an article, an experience, a game, an illustration, a recipe, jokes, tips, write-ups,, drawings or even your valuable feedback. It really means a lot to us and it motivates us to give you the best we can.

Bhavana Vichhivora.

**જવાબો (માનની મુસાફરી):** ૧-વર્ધ ૨-બહુ-નીય ૩-વર્ત ૪-શ્રી ૫-અસ ૬-ગુ ૭-સ્વ ૮-અર ૯-આસ ૧૦-હિય ૧૧-અપ ૧૨-ગુ ૧૩-ચજ ૧૪-મહે ૧૫-હનુ ૧૬-ક ૧૭-ચલાય ૧૮-સંતુષ્ટ ૧૯-દેદીપ્ય ૨૦-અનુ

**જવાબો (સ્ત્રીઓના નામ) :** ૧. મીઠીબાઈ ૨. પાનબાઈ ૩.વેલબાઈ ૪.જેઠીબાઈ ૫.માનબાઈ ૬.ગંગાબાઈ ૭. કાનબાઈ ૮.લીલબાઈ ૯.વાલબાઈ ૧૦. હીરબાઈ ૧૧. તેજબાઈ ૧૨. સુંદરબાઈ ૧૩. કુંવરબાઈ ૧૪. કેશરબાઈ ૧૫. વેજબાઈ ૧૬. રતનબાઈ ૧૭. બુધ્ધીબાઈ ૧૮. સાકરબાઈ ૧૯. હેમબાઈ ૨૦. દેવકાબાઈ

સૌ રેખાબેન પ્રકાશ કેનિયા, બેલ્લારી 8392276479

## RHYTHM DOWNPOUR

**Our National Anthem**

**DONT MISS THIS!!! IT TOUCHES THE SOUL.** This version is the whole song and not just the first stanza.

The talented range of singers are a delight to listen to! The meaning is also explained so beautifully in English. (10.03 mins)

LINK : http://www.youtube.com/embed/JltFQS9kFXA

*- Praful Bheda, Chennai.*
*9384656662*

**Chidananda Roopa Shivoham Shivoham Mantra is known as Nirvana Shatakam or Atma Shatakam. It summarizes the entirety of Advaita Vedanta in six verses. These six verses if summed up say -** I am neither the mind, intellect, senses, breath nor ego, I am beyond everything. I have no form, feelings, emotions or desires. I have no attachment, no death and no separation from myself. I am all pervasive because I am everything, everywhere, every time, always in equilibrium.I am indeed, that eternal knowing and bliss, Shiva, love and pure consciousness. These verses can be of tremendous value to progress in contemplation practices that lead to Self-Realization.

**LINK : YOUTUBE~DEVA PREMAL CHIDANANDA Duration : 5:56**

What makes this bit remarkable is that it is sung by a German singer and the magic of her mellifluous sweet voice is creating a very profound and tranquilizing effect. Lie down in shavasana and listen to it. Provides a complete relaxation after any brisk workout, calms you to the core.

*-Bhavana Vichhivora.*

---

## DESIGN COVER PAGE CONTEST



વાવડ ઓકટો-ડિસે,૨૦૧૩ અંકના મુખ પૃષ્ઠ ચિત્ર (ડ્રોઈંગ) સ્પર્ધામાં ભાગ લેનાર બાળકો:

| | | | |
|---|---|---|---|
| ૧. ટીયા કલ્પેશ શાહ | બેંગલોર | ૨. એકતા દિપક વીરા | બેંગલોર |
| ૩. રોનીન કલ્પેશ શાહ | બેંગલોર | ૪. ભક્તિ એમ શાહ | બેંગલોર |
| ૫. ધીર ચંદ્રેશ વીરા | બેંગલોર | ૬. અર્ણવ જુગલ વીરા | બેંગલોર |
| ૭. આરતી જયેશ ગાલા | બેંગલોર | ૮. ડીયા જુગલ વીરા | બેંગલોર |
| ૯. ઉમંગ જયેશ ગાલા | બેંગલોર | ૧૦. જીનય સુશીલ સંગોઇ | બેંગલોર |
| ૧૧. યશીતા જયેશ દેઢિયા | હૈદરાબાદ | ૧૨. ફેમી દીપેશ ગડા | હૈદરાબાદ |



**સ્પર્ધાના વિજેતા: યશીતા જયેશ દેઢિયા, હૈદ્રાબાદ**

**Winner: Yashita Jayesh Dedhiya, Hyderabad.**

You are welcome to put up your art skills for the next cover page. Kids in the age group 8- 12 years can participate. All you have to do is create a cover page on the theme – **VASANT RUTU** i.e. **SPRING** (You can make flowers or floral designs). The best drawing will be selected as the cover page for the next issue of Vavad. The entries should be on A4 size paper only and in portrait mode (vertical) only. We must receive your cover page with the details regarding your name, age, city and contact number by 25-03-2014. You may send it to us at: Bhavana M Vichhivora, c/o L.K & SONS, 15 Kirana Complex, APMC Yard, Yeshwantpur, Bangalore 560022. Contact number – 9448460056. *Note : All the entries received for the last contest have been put up on e-vavad.*

## Topic for Viewpoint ... 'Significance of Elections in Democracy'

વિશ્વમાં મોટા લોકશાહી (DEMOCRACY) દેશોમાં ભારતની ગણના થઈ શકે. સંવિધાન પ્રમાણે દર પાંચ વર્ષે મતદારો પોતાના પ્રતિનિધિઓને દેશની સર્વોત્તમ સંસ્થા સંસદમાં ચુંટીને મોકલે છે. તેવીજ રીતે દરેક રાજ્યોમાં પોતાના પ્રતિનિધિઓને રાજ્ય સભામાં ચુંટીને મોકલે છે. પણ છેલ્લાં કેટલાક વર્ષોથી આપણા ચુંટેલા પ્રતિનિધિઓની ભ્રસ્ટ રાજકારણથી આપણે સૌ તંગ આવી ગયા છીએ. આવા વખતે દિલ્હીની ચુંટણીમાં આમ આદમી પાર્ટીએ લોકોમાં એક નવી આશાની કિરણ સાથે સત્તા સાંભળી છે અને ૨૦૧૪માં થનાર દેશની ચુંટણીમાં ઝંપલાવવાનું નક્કી કરેલ છે.

એપ્રીલ~મે,૨૦૧૪ દરમ્યાન થનાર સંસદ(લોકસભા)ની ચુંટણીમાં આપનો મત શું ફેર બદલાવ લાવી શકે? આપણા વિચારો ગુજરાતી કે અંગ્રેજીમાં ૫૦૦ શબ્દોમાં લખીને મોકલવા વિનંતી. આપની એન્ટ્રી અમને તા. ૨૫-૩-૨૦૧૪ સુધી vavad12@gmail.com પર આપના નામ, ફોન નંબર, અને સરનામાં સાથે મોકલશો. બેસ્ટ એન્ટ્રીને ઇનામ રૂ.૭૫૦/- આપવામાં આવશે.

India is one of the world's largest democracy. As per our constitution, once in every five years voters elect their representatives and send them to the country's apex body called parliament. Similarly representatives are also elected for the state to form Rajya Sabha. But, for the past few years, people are fed up with the corrupt politicians whom they have elected. At this juncture, with the Delhi's State Election, Aam Aadmi Party has taken charge with new hopes. This party has also decided to contest for the 2014 Lok Sabha Elections.
How can your vote make difference in the coming Lok Sabha Elections in Apr~May,2014?
Do share your opinion on this in our Viewpoint Contest.
You can write to us either in Gujarati or English. The word limit is 500-600 words. No age bar. We must receive your entry by 25-3-2014. Email your entries to vavad12@gmail.com with your name address and contact number. The best entry each from English and Gujarati will be awarded a cash prize of Rs. 750/-

## 1st Winner for English

### My Favourite Childhood Memory

Childhood is the most wonderful stage of a man's life filled with innumerable innocent, carefree and goofy moments. When I look back recollecting my notorious childhood days it gently pats me with a whiff of sweet memories and fondly takes me down the memory lane.

My childhood days passed in the abundant affection and care of the parents, grandparents, cousins and friends. Being the youngest, I grew up amidst a bunch of crazy little cousins and we used to often gang up and do things together. Everytime during birthdays or any special occasion all the cousins, aunts, uncles, grandparents got together and it was a celebration time. All the kids were treated with gifts and games and there was fun and frolic all the way. I remember the day clearly when I first went to school. It was a new life to me, but I liked it very much. I made friends easily. My teachers loved me very much. I did my lessons well every day and was fond of story-books. I was a cheerful, curious little kid and a very participative and a sportive one who was a part of all school activities and never left a chance to perform in family gatherings. Be it mimicry, dance or my crazy antics; I was always upto something because of which even today I am fondly remembered amongst all my relatives.

However, my childhood would be incomplete without the mention of my grandfather whose wrinkled face everytime creased into a loving smile at the very sight of me. He was and still continues to be my hero and ideal. The time I spent with him no matter how brief, is still vivid in my mind and very close to my heart. Besides, being pampered to the core with presents and goodies what I cherish is his special presence in my life and the ability to have become a kid while having spent time with me. My love for beaches emanates from the wonderful times I spent with him strolling bare feet on the beach, holding his hand and listening to him about life and my grandma. His amusing anecdotes always transported me into a mysterious wonderland. Splashing water, making sand castles, collecting shells, ride on the merry go round, having ice golas is how we used to spend our time. He was very fond of golas as they were my grandma's favourite too. He was an epitome of strength and perseverance and an extremely charming man who's left a lasting impression on my mind.

He patiently used to listen to my endless banter and always let me be and supported me in all my activities. No matter how much I grow up I still wish to be his little girl always. I miss having him around but I know his bountiful blessings from the heaven and guidance is always with me. My thoughts abound with such sweet memories. Each recollection has nostalgic air about it. I will treasure these precious childhood memories forever and all the people who were a part of the journey and made it so memorable.

-Ami Bharat Chheda, Hyderabad. 9347050810

*Ami Chheda is the winner for the **fourth** consecutive time.*

## 1st Winner for Gujarati

# બાળપણના સંભારણા

ત્રણ પૈડાની સાયકલ લઈને હું ચાલતા શીખી ત્યારે દાદીમાં ગાતા,
ટીનટીન ટોકરી બજાવતી જાય,
સાયકલ મારી સર....ર ર જાય.

હું ચાલવા લાગી,મીઠા મીઠા તોતડા બોલ બોલવા લાગી,ત્યારે બધા વ્હાલ કરતા. મમ્મીએ બાલવાડીમા મોકલી ત્યાં હું બારીમા બેસીને ખૂબ રડી,પણ ધીમે ધીમે બધુ ગમી ગયું. તે વખતે મને મોબાઈલ ને કંપ્યુટર નથી મળ્યા એટલે હું angry bird કે temple run નથી રમી, પણ ટાયરને લાકડીથી દોડાવવુ, મોટી કાંડી લઈને પેપરની પવનચક્કી બનાવવી, પેપરના એરોપ્લેન ઉડાડવા(રીમોટ કંટ્રોલ વગર), ગુલ્લી-ડંડાની રમત, કંચાની રમત, પકડા-પકડી, લગોરી, ખો-ખો, છુપા-છુપી ને કેટ-કેટલી રમતો રમતા, જેમા શરીરને કસરત મળતી. ત્યારે ક્રીકેટ કે બેડમીંટન ની પ્રોફેશનલ ટ્રેનીંગ નથી લીધી, પણ આ રમતો પણ બહુ શોખથી રમતા.

સ્કુલની રજા પડતી અને ગરમીમાં આંબા ચુસવાની મજા આવતી. દાદીમાં તરબુજ, સક્કરટેટી, બેર ને ચોકલેટ ના ભાગ પાડી બધાને આપતા ત્યારે ભાઈ-બહેનો સાથે ખાટી-મીઠી નોંક-ઝોંક કરવાની મજા આવતી. બાળપણના એ મીઠા દિવસો -પીપળીના ઝુલા, ખેતરમાં મગ અને ચોળાની ફરી,આમલી, પેરૂ બધું વહેંચીને ખાવાની મજા, ભીની માટીની મંદ-મંદ સુગંધ ને બળદગાડીની સફર..... બધુજ નજર સામે આવી રહ્યું છે. મોટા પરિવારમાં વીતેલી મારા બાળપણની યાદોને હું ફરી એકવાર આજે વાવડના માધ્યમથી જીવી રહી છું.

નવરાત્રીમા દુર્ગામાંની વિશાળ મૂર્તિ ,સાંજની આરતી અને ભીડમાં આગળ થઈ પ્રસાદ મેળવવાનો આનંદ, રાતના ગરબા-દાંડીયા, સ્કુલમા મળેલી દિવાળીની રજા, રસોડામાંથી આવતી ફરસાણ અને મીઠાઈની સુગંધ, રંગોળી નાખવી અને એની માટે કરેલી આંગણાની સાફ-સફાઈ, ગામના મેળામાં બંગડીઓ અને નાની નાની વસ્તુઓ માટેની જીદ, ઝુલા ને ખેલ તમાશા, પીઝા કરતાંય ટેસ્ટી એવી દાદીમાંની ખીચડી, દાદાજીનો ઘરના ચોપા પ્રત્યેનો પ્રેમ, ફઈઓની શીખામણ, માં-બાપાની લાગણી, કાકા-કાકી નો વ્હાલ, ત્યારના ભોળા ઝગડા અને મીઠી રીસો, પપ્પા જ્યારે બહારગામથી બોર્ન-બોર્ન બિસ્કિટ લાવે એ ખુશી, રાતના સુતા સમયે મમ્મીએ કહેલી વાર્તાઓ બધુજ અવિસ્મરણીય છે. બાળપણ ખરેખર જીવનનો એક અનમોલ અને સ્વર્ણિમ તબક્કો છે. બાળપણમાં ના કાંઈ ચિંતા, ના કોઈ ફિકર ખાલી આળ-પંપાળ અને લાડ-કોડ. આજે બધું યાદ આવે છે ત્યારે થાય છે કે ઈશ્વર ફરી એ દિવસો પાછા આપે.

હાથ પકડી નાના-નાના પગલા ભરતી,
ઝાંઝર પેરી રૂમઝુમની ઝંકાર કરતી,
તોતલી વાણીથી મીઠા-મીઠા બોલ બોલતી,
એવા બાળપણને આજે હું યાદ કરતી,
નિશાળમાં ભુગોળ ને વિજ્ઞાન ભણતી,
વડીલોના અનુભવોમાં ઉછરતી,
ઘરમાં જીવન જીવવાની કળા શીખતી,
એવા બાળપણને આજે હું યાદ કરતી...

***સૌ નીલમ હિતેશ છેડા,બેલ્લારી, 9449226670***

---

**WIFE VS HUSBAND**

A couple drove down a country road for several miles, not saying a word.
An earlier discussion had led to an argument and neither of them wanted to concede their position. As they passed a barn-yard of mules, goats, and pigs, the husband asked sarcastically, 'Relatives of yours?'
'Yep,' the wife replied, 'in-laws.'

**WORDS**

A husband read an article to his wife about how many words women use a day...
30,000 to a man's 15,000.
The wife replied, 'The reason has to be because we have to repeat everything to men...
The husband then turned to his wife and asked, 'What?'

**CREATION**

A man said to his wife one day, 'I don't know how you can be so stupid and so beautiful all at the same time.' The wife responded, 'Allow me to explain . God made me beautiful so you would be attracted to me;
God made me stupid so I would be attracted to you!' *(The gender of the editors is quite obvious! What say!)*

# POINTERS FOR GROWING FINANCIALLY **STRONG**

*નિલેષ જે સાવલા,બંગલોર – ૯૮૪૫૪ ૮૮૬૯૩*
ઈ-મેઈલ – asknjsavla@gmail.com



It may be a few years since you have started to invest. I am sure you completely understand the effect of inflation on all our monies. Inflation is nothing but the value of every rupee we earn going down with the passage of each day. What my father could buy with a Thousand Rupees, I pay MANY thousand rupees for the same.

Saving regularly is a habit, very difficult to develop, but excellent to cultivate. Just as an example, let us say a 25 year old person is interested to have an amount of Rs.5.00 Crores at retirement age 65. Assuming an investment return rate of 12 % @ p.a, one may need to invest Rs.3980/- only per month. Works out to about Rs.130/- per day. Not very difficult, right?

Any amount of money is insufficient in times of need. Save when you don't need the money. It will rescue you in the times of need.

Sometimes, leaving the money untouched or not watching it can have a dream effect on it. My first investment I made way back in the year 1999. The amount being Rs.5000/-. Can you guess the amount that I may have gotten when I pulled this money out? Rs.38, 460/-. In 5 years time. I had invested and forgotten about this money and had changed a few addresses in those 5 years. So totally lost track of the same. Accidentally, going through some docs, I found the first investment statement.

Patience and Discipline are the key words in savings and investments.

I know many people for whom long term is 3 months and medium term being 1 month and short term being 1 week or ten days. Many of us forget that for anything to become something valuable, it needs time. Let's look at our children, trees, businesses and our own selves over a period of 10 years. Physically, mentally as well as financially.

Long Run is 5yrs + and multiples thereof.

We are investors and unlike traders cannot and should not change strategies with every change in the investment climate.

As proud Indians, WE have to invest in our country / economy / markets. Foreigners believe more in our (India) story than what a lot of us INDIAN citizens do.

As time is going ahead, options to invest are narrowing down, and at that time we will be forced to invest with great risks. Start investing early. Help yourself.

Retirement is something which is a hidden facet. We all know it exists, but are unaware of the consequences / costs of the same.

Our Parents / Grand Parents had the luxury of fixed income investments like Bank FD's, Post Office and LIC policies giving fancy double digit returns (interest). We don't and won't have the same any time in future.

Our Future and our family's future is our own responsibility. Plan it well and ensure a nice and cushy **lifetime** of expenses being taken care of, as also travel, charity, children's education and marriage, car(s), House (s), and all our dreams, goals and desires.

Keep things Simple. Don't try to do different things and end up confused.

Markets are volatile. Use the volatility to your advantage. Give your investments plenty of time and space to grow.

Like a small plant, do protect, water, and manure your investments by watching over them regularly. Do a course correction, if needed. Small things can do wonders sometimes.

Investments are like using a cellphone. In our younger years, money will be only outgoing, outgoing and outgoing. Only then in our retirement years will we have incoming, incoming and incoming.

Here is Wishing Each one of You a Very Happy New Year 2014. All the Very Best for your Successful Financial Journey in the Times ahead.

# હેલન કેલરનાં માતા

છોકરી નું નામ હેલન કેલર. માબાપનું પહેલું સંતાન. અમેરિકામાં ઉત્તર આલાબામામાં આવેલા ટસ્કુમ્બીયા નામે નાનકડા ગામમાં, સન ૧૮૮૦માં એનો જન્મ.

છોકરી ખૂબ હોશિયાર. એ છ મહિનાની થઇ ત્યારે એ બોલતા પણ શીખી હતી.અચાનક એક વરસ ને સાત મહિનાની થઈ ત્યાં એ માંદી પડી. મગજ પર લોહી ચડી ગયું. એક દિવસ સવારના, તાવ જેવો આવ્યો હતો, તેવો ગુપચુપ ને ઓચિંતો ઊતરી ગયો. એ જોઈ ઘરના બધા આનંદમાં આવી ગયા. પણ એ તાવ પોતાની સાથે છોકરીની આંખોની જોવાની શક્તિ અને કાનની સાંભળવાની શક્તિ લેતો ગયો હતો, અને એને ઘોર અજ્ઞાન-અંધકારમાં પટકી ગયો હતો એની કોઈને ખબર પડી નહિ- એની સારવાર કરતા દાક્તરને પણ નહિ. હવે પછી હેલન કદી જોઈ શકશે નહિ કે સાંભળી શકશે નહિ એ જાણ્યું ત્યારે એની માતા તો અર્ધ પાગલ જેવી થઇ ગઈ હતી : ‘હવે મારી દીકરી પંખીઓનો કલરવ નહિ સાંભળી શકે, ફૂલોની ને સરોવરની શોભા નહિ જોઈ શકે, રાતના આકાશમાં તારલા એને નહિ દેખાય. અરે, માનો મીઠો મધુર કંઠસ્વર પણ એને નહિ સંભળાય! માનું મોઢું પણ એને નહિ દેખાય. કેમ જશે એના દિવસો અને અમારા દિવસો!’

માતા હવે હેલનને ઘડી અળગી કરતી નહિ. એ ઘરકામ કરતી હોય કે આમતેમ ફરતી હોય ત્યારે હેલન એનાં કપડાને જાલી રાખતી અને એની પાછળ પાછળ ફરતી. ઘરની દરેક ચીજને એ સ્પર્શી જોતી અને એને ઓળખતા શીખતી. નિશાનીઓ દ્વારા એની માતા એને શીખવતી. આવી રીતે માતાએ એને ઘણું શીખવ્યું. ચોવીસ વર્ષની વયે હેલને પોતાની આત્મકથા લખી છે. તેમાં તે લખે છે કે ‘મારે માટેની એ લાંબી રાત્રિના અંધકારમાં જે કઈ સુંદર અને મધુર હતું તે બધું મારી માતાના પ્રેમને અને એના ડહાપણને આભારી હતું.’

પાંચ વર્ષની ઉંમર થતા સુધીમાં હેલન એની આસપાસ બનતું ઘણું સમજતી થઇ ગઈ હતી. તે કપડા ગોઠવીને મૂકતી. ઘરમાં ને બગીચામાં ફરતી, ફૂલોને રમાડતી. મહેમાનો આવે અને જાય તેની યે તેને ખબર પડતી. એ સમજી ગઈ હતી કે બીજા લોકો મારી પેઠે પરસ્પર નિશાનીઓથી વાત નથી કરતા.

હેલનના પિતા કોઈ છાપાના તંત્રી હતા. રોજ કલાકો સુધી છાપા વાંચ્યા કરે. હેલને પણ એમની પેઠે છાપું લઈ પોતાના મોં સામે ધરી રાખવા માંડ્યું. પણ એ શા માટે છે તે તેને સમજાયું નહિ. પિતાના મોં પર હાથ ફેરવી તેણે જોયું તો ચશ્માં હાથમાં આવ્યા. એને થયું કે આ ચશ્માં નાકે લગાડવાથી કંઈ ચમત્કાર થશે. એણે એવું કરી જોયું પણ કશામાં તેને કશો અર્થ દેખાયો નહિ. દીકરીની આ ચેષ્ટાઓ જોઈ માબાપની આંખોમાં આંસુ આવી ગયા.

પિતા તો કામધંધે ઘણો વખત બહાર રહે, પણ માતાને તો આખો વખત દીકરીની સાથેજ રહેવાનું. એકલો અંધ હોય કે એકલો બહેરો હોય તો એની સાથે વ્યહવાર કરવો અઘરો લાગે છે, તો આ તો અંધ ને બધીર, અને બધીર એટલે મૂક પણ ! એકસાથે ત્રણ ત્રણ ઇન્દ્રિયો ઠપ! દર્શન, શ્રવણ અને વાણીની ત્રણે શક્તિઓ ગુમ! વળી અબળા! પણ એની માતાએ હતાશ થઇ દીકરીને તરછોડી નહિ. એણે એને પૂરો માતૃપ્રેમ આપ્યો; અને એ અપંગનું તમામ સુષુપ્ત બળ પ્રગટાવવાનો પૂરો પ્રયત્ન કર્યો. હેલન કહે છે : ‘ હું આખો દહાડો મારી માતાના મોં પર હાથ મૂકી, એના ખોળામાં બેસી રહેતી; કારણ કે એના હોઠનું હલનચલન સ્પર્શી જોવામાં મને મજા પડતી. વાતચીત શી ચીજ છે તે હું જાણતી નહોતી તોયે માની સાથે હું પણ હોઠ હલાવતી.’

સાતમું વર્ષ પૂરું થવાને ત્રણ માસ બાકી હતાં ત્યાં હેલનના જીવનમાં નવું પરોઢ ઊગ્યું. મિસ સલિવન નામે શિક્ષિકાએ એના શિક્ષણનો ભાર ઉપાડી લીધો.

હેલન ઝડપથી શીખતી ગઈ. વિશ્વનો એ એક ચમત્કાર ગણાય છે. આજે હેલનનું નામ વિશ્વભરમાં જાણીતું છે. એના લખેલા અનેક પુસ્તકો એની અજોડ પ્રતિભાની સાક્ષી પૂરે છે.

હેલન પોતાની આ અદભુત સિદ્ધિનો યશ પોતાની માતાને અને કુમારી સલિવનને આપે છે. હેલનની માતા ખૂબ શ્રધાળુ બાઈ હતી. ગમે તેવા વિકટ સંજોગોમાં પણ હતાશ નહિ થવું, હામ નહિ છોડવી એ હેલન એની માતાની પાસેથી શીખી હતી. હેલન કહે છે: ‘આ જ મોટી વાત છે. માણસ સમજે તો અપંગતાનું એકે બંધન એને જીવનનો આનંદ લેતું રોકી શકે નહિ.’ પોતાની માતા વિષે એ કહે છે, ‘મારી માતા વિષે હું શું લખું? કેવી રીતે લખું? એ મારી સાથે એવી એકાકાર થઇ ગઈ છે કે એને વિષે હું કંઈ કહું તો એ અસંસ્કારિતા ગણાશે.’

એક વાર એક શખ્શે હેલનને પૂછ્યું ,” માણસ માટે સૌથી મોટી આપતી કઈ હોઈ શકે?’ એણે સહજ ભાવે ધારેલું કે હમણાં હેલન કહેશે કે ‘આંખ ન હોવી તે.’ પરંતુ હેલને જવાબમાં કહ્યું :’માણસને આંખો હોય છતાં જોઈ ન શકે તે!’.

હેલનનો જવાબ સમજવા જેવો છે. આજે આપણી આસપાસ કેટલા ભૂખે મારે છે, કેટલા દલિતપીડિત શાપિત હાલતમાં દિવસો કાઢે છે, એ આંખો હોવા છતાં આપણે દેખીએ છીએ ખરા? એ દેખતા થિઈએ તો સંસારની કેટલી બધી સમસ્યાઓ ઊકલી જાય!

અપંગ હેલન અને એની માતાની આ કથા કોઈ પણ અપંગ તથા તેણી માતાના હૈયામાં હામ પૂરવા સમર્થ છે.

‘માતા-મહાતીર્થ’ માંથી

-રમણલાલ સોની.


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઇટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-2967 4007/8/9

# AMSTEEL
## CASTINGS Pvt. Ltd

FACTORY:35-A, SIPCOT INDUSTRIAL COMPLEX,
HOSUR - 635 126, (NEAR BANGALORE) TN, INDIA.
PHONE :+91 (04344) 276852, 276753
FAX :+91 (04344) 276809
E-mial info@amsteel.co.in









## *COMPANY PROFILE*

Amsteel Castings was launched in 1996, It has fast surpassed several of its more established competitors in becoming a leading global supplier of steel and alloy castings. The company supplies raw and machined industrial castings in carbon steel, alloy steel, stainless steel, duplex stainless steel and nickel based alloy grades to cater to critical applications in a diverse range of industries such as Petrochemicals, Power Generation, Nuclear Power Plants, Oil and Gas, Earth Moving equipment and Engineering industries, in various International Specifications.

Amsteel Castings is an ISO 9001 certified company with approvals for a variety of marine and nuclear applications. It has won many National and Regional export awards. Along with its affiliate, Electralloy Special Steel Castings, established in 1981, the company can accommodate a diverse portfolio of castings, single piece weighing up to 4000Kgs, in various grades.







# P E A C E



1




2



3




4




5



6



7



8



9




10



11

LIST OF PARTICIPANTS (from previous page top.. )

1. Bhakti M Shah, Bangalore (Age 9)
2. Arnav Jugal Vira, Bangalore (Age 10)
3. Aarthi Jayesh Gala, Bangalore
4. Dheer Chandresh Vira, Bangalore (Age 8)
5. Dia Jugal Vira, Bangalore (Age 8)
6. Ekta Deepak Vira, Bangalore (Age 12)
7. Ronin Kalpesh Dharod, Bangalore (Age 6)
8. Umang Jayesh Gala, Bangalore (Age 14)
9. Jinay Sushil Sangoi, Bangalore (Age 8)
10. Tiaa Kalpesh Dharod, Bangalore (Age 9)
11. Femi Gada, Hyderabad (Age 12)